**ક્રી. કેસ. નં. 57193/2023 ના કામે અજદાર**/આરોપી માઇકલ રાજેશભાઈ પટેલ નાઓની જામીન મેળવવાની

અરજી લગત હુકમ :

૧ અરજી વંચાણે લીધી. કેસની હકીકત ધ્યાને લીધી. કેસ પેપર્સ ધ્યાને લીધા. તથા આરોપીના વિ. વકીલશ્રીને સાંભળ્યા અને એ.પી.પી. શ્રીને સાંભળ્યા તથા એ.પી.પી. શ્રીએ જામીન અરજી સામે વાંધો લેતા જણાવેલ કે સદર ગુનો ગંભીર પ્રકારનો હોય તથા સજાની જોગવાઈ જોતા જામીન અરજી નામંજુર કરવામા આવે. આરોપીઓના વિ.વ.શ્રી.એ ખાતરી આપેલ કે આરોપી હવેથી સમયસર કોર્ટમા હાજર રહેશે અને આરોપીને જેલ મુક્ત કરવા રજુઆત કરેલ.

૨ ઉપરોકત રજુઆત કેસ પેપર્સને ધ્યાને લેતા અરજદાર સામે **ઈ.પી. કોડની કલમ ૩૨૩, ૨૯૪ ખ, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪** ના ગુનાનો આક્ષેપ હોય તેમજ આરોપી તમામ શરતોનુ પાલન કરવા ખાતરી આપતા હોય. જેથી અરજદારને જામીન મુકત કરવામા આવે તો વ્યાજબી, ન્યાયી તેમજ ઉચિત જણાતુ હોઈ ન્યાયના વિશાળ હિતમા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–: હુ ક મ :–

**અરજદાર/આરોપીની જામીન અરજી મંજુર કરવામાં આવે છે.**

અરજદાર માઇકલ રાજેશભાઈ પટેલ નાઓને ક્રિ.કેસ નં. 57193/2023 ના કામે રૂ. ૧૦,૦૦૦/– (અંકે રૂ. પંદર હજાર પુરા) ના જાત જામીન રજુ કર્યેથી જામીન પર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ: સુરત

તા. ૨૭/૦૭/૨૦૨૬

આઠમા એડીશનલ સિવિલ જજ અને
જયુડીશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, સુરત.